| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૬/૦૧/૨૦૨૪ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૦/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૪૩૭ લીટર દેશી દારૂ, ૨૨૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૩૨/૨૦૨૪

**ઈસનપુરઃ** હર્ષ સ/ઓ માંગીલાલ પ્રજાપતિ (ઉ.વ.૩૨) (રહે. હઠ્ઠીપુરા લાખાજી કુવરજી હોલ સામે માધવપુરા શાહીબાગ) એ તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર સમર્થ સ્ટેશનરી સામે રામેશ્વર સોપિંગ સેન્ટર ઓફીસ ખાતે આરોપી ઈમરાનઅલી ઉર્ફે બંટી મુબારકભાઈ તથા તેમના પત્ની કુરેશી મુબીનાબાનુ ઈમરાનઅલી (બન્ને રહે. જાન સાહેબની ગલી વિજળીઘર પાછળ રીલીફ રોડ) નાઓએ ભેગા મળી જુની એકસીડેંટની ગાડીઓનો ધંધો આપવાની લાલચ આપી હર્ષ પ્રજાપતિ પાસેથી કુલ રૂપિયા ૧૩,૭૦,૦૦૦/- મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.તેલે ચલાવે છે.

**ક્રાઈમઃ** સુમન રાવજીભાઈ પટેલ (ઉ.વ.૨૯) (રહે. સનરાઈઝ બંગ્લોઝ, સ્વામિનારાયણ હોસ્પીટલ સામે રાદેસણ, તા.જી.ગાંધીનગર) એ તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન (૧) વિકી શાહ (રહે. દુબઈ) (૨) સુનીલ રમેશભાઈ સોની (રહે. ધર્મજીવન કોમ્પ્લેક્ષ-એ વેદ રોડ દાબહોલી ચાર રસ્તા સુરત) (હાલ રહે. જ્યોર્જીયા) (૩) વિશાલ જયંતીલાલ ધાણક (રહે. સતીમાં નિવાસ વિમાનગર રૈયા રોડ રાજકોટ) (હાલ રહે. દુબઈ) (૪) પ્રફુલ નરશીભાઈ નાંધા (રહે. ગાર્ડન ગેટ એપાર્ટમેન્ટ નાના વરાછા સુરત) અને (૫) તુષાર કાનજીભાઈ ઠાકોર (રહે. પંકજા બંગલો માછલી સર્કલની બાજુમાં કઠવાડા રોડ નરોડા અમદાવાદ) એ ભેગા મળી રાજભા રાઠોડ નામના વ્યક્તિના સીમકાર્ડ નંબર ૬૩૫૯૦૨૪૫૫૨ નો ખોટો ઉપયોગ કરી સુમન પટેલ તથા તેમના મિત્ર નાઓના રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- દુબઈ પહોચાડવાના બહાને અમદાવાદ બાપુનગર ડાયમન્ડ બજારમાં આવેલ મહેન્દ્ર સોમા પટેલ આંગડીયા પેઢી ખાતેથી રોકડ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- મેળવી લઈ તે રૂપિયા સુમન પટેલના મિત્રને વિદેશમાં દુબઈ ખાતે નહી પહોચાડી આરોપી વિકી શાહ દુબઈ પોલીસમાં પકડાઈ ગયેલ છે તેવી ખોટી વાત ઉપજાવી કાઢી તે રૂપિયા તમામ આરોપીઓએ વહેચી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.સોલંકી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૩/૨૦૨૪**

**મેઘાણીનગરઃ** વીધી ડો/ઓ જયેશભાઇ કડીયા (ઉ.વ.૨૩) (રહે. જુની અંબિકાનગર વિભાગ-૧ મેઘાણીનગર) તા.૨૮/૧૨/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસ સ્ટવ ચાલુ કરતા ઘરમાં કાલાહિટ છાટેલ હતુ જેથી એકદમ આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૧/૨૦૨૪ કલાક ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૪/૨૦૨૪**

એલીસબ્રીજઃ વિજય બીજલજી ઠાકોર (ઉ.વ.૩૧) (રહે. રામી રમણલાલની ચાલીની આવાસ યોજના ભુદરપુરા આંબાવાડી એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૧/૨૦૨૪ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણજીતસિંહ મોહનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી